# વર્ષ ૨૦૨૧ કેવું ગયું ? : પીડાદાયક યાદો સાથે ઘણા ચડાવ-ઉતાર

**વર્ષ ૨૦૨૧ વિદાય લઈ રહ્યું છે. આ વર્ષ શરૂઆતમાં કોરોના મહામારીની બીજી લહેરના કારણે અત્યંત દુઃખદાયી રહ્યું હતું જે અંતિમ તબક્કામાં રાહત સાથે ફરી નવા વેરિએન્ટના કારણે ચિંતા કરાવનારું બનીને વિદાય લઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૧ અનેક પીડાદાયક યાદો સાથે ગાંધીનગર માટે ચડાવ-ઉતાર સાથેનું રહ્યું છે. આ પ્રસંગે શહેરના વિવિધ ક્ષેત્રના નાગરિકો પાસેથી વિદાય લઈ રહેલું ૨૦૨૧નું વર્ષ કેવુ રહ્યું તે અંગે ગાંધીનગર સમાચારે તેમના અભિપ્રાય મેળવીને અત્રે સંક્ષિપ્ત સ્વરૂપે પ્રસ્તુત કરવા પ્રયાસ કર્યો છે. આશા છે કે નૂતનવર્ષ ૨૦૨૨ નવું સોનેરી પ્રભાત લઈને આવશે અને ૨૦૨૧ની પીડાદાયક યાદોને ભુલાવી ફરી શહેરમાં હર્ષ અને ઉત્સાહની લહેર પ્રસરાવશે.**

●●●

સેવાકીય પ્રવૃત્તિ અને ઈશ્વરીય સેવા કરવાનો ભગવાને ખૂબ જ મોટો મોકો આપ્યો અને અસંખ્ય દુઃખી અને કોરોના પોઝીટીવ આત્માઓ અને એમના સ્વજનોની સેવા કરવાનો મોકો મળ્યો. જેનાથી એમનો બધો આનંદ



અને લાગણી અનુભવ્યા. પરંતુ મોટા ભાગના માણસો ધંધાકીય રીતે અને સામાજિક કોટુંબિક રીતે કોરોનામાં જે બરબાદી થઈ છે તેનાથી અતિ દુઃખ પણ અનુભવાયું છે. અત્યારે આ સમયમાં અને દર વર્ષે ૩૧ ડિસેમ્બર આવનારી જ છે. ત્યારે બહાર નીકળવું, હરવું-ફરવું, પૈસા ખરચવા, નાચ-ગાન કરવા, હજારો વ્યક્તિઓ મૃત્યુ પામ્યા ત્યારે આ રીતે ઉજવણી ન કરવી જોઈએ અને તેમને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ રાખવો જોઈએ.

**- જીલુભા ધાંધલ**
**(ચેરમેન, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર)**

●●●

નવા વર્ષે ડેલ્ટા જેવો જ ફરીથી ઓમિક્રોન ન થાય તેવી આશા રાખીએ. કોરોનાના ડેલ્ટા વેવ પછી બધાનું વર્ષ ખબાર ગયું છે. છેલ્લા પાંચ મહિનામાં કોરોનાનો વેવ ધીમો પડ્યો તેથી સારૂ થયું પરંતુ નવા વર્ષમાં



ડેલ્ટા જેવો હેવી વેવ ન આવે તેવી આશા રાખી શકીએ. ઓમિક્રોનનો નવો કોઈ ઠોસ ઉકેલ આવે તો સારૂ છે. કારણ કે આ રીતે સાદી સર્દી હોય તો એના માટે કોઈ સાદી દવા બધાને પરવડે છે તેમજ આ રીતે કોઈ દવા શોધાય તો આખી દુનિયાને પરવડે તેમ છે. તેથી નવી દવા શોધાય તેવી આસા રાખીએ છીએ.

**- ડો. દિનકર ગોસ્વામી**
**(સિનિયર ફિઝીશ્યન, સિવિલ, ગાંધીનગર)**

●●●

આ વર્ષ થોડું અઘરૂ રહ્યું, દરેક દિવસ ટેન્શન સાથે ઉગે છે. હું લેબોરેટરીનો વ્યવસાય કરૂ છું જે અહીંયા આવતા કોરોના કાળમાં જે બીક સતત આખા વર્ષ રહી છે તે કદાચ ન ભુલાય તેવી છે. રીપોર્ટ પોઝિટિવ આવે ત્યારે રીએક્શન અને નેગેટીવ આવે ત્યારે રીએકશન આમ બધાને ખૂબ ટેન્શનમાં જોયા છે. નેગેટિવ રીપોર્ટ આવે ત્યારે જાણે આમ સ્વર્ગ



મળી ગયું હોય એટલો આનંદ થતો અને પોઝિટિવ આવે ત્યારે ફરીથી રીપોર્ટ ચકાસવા માટે બધા આવતા. એવી પરિસ્થિતિમાં લગભગ આખા બે વર્ષ ગયા છે. હવે ઓમિક્રોનમાં વાયરસ વીક પડ્યો છે. ત્યારે આગામી ૨-૩ મહિનામાં દિવસો સારા આવશે. જેમણે વેક્સિન લીધી છે તેમને તો ચિંતા કરવાની જરૂર જ નથી પોઝિટિવ રીપોર્ટ આવે તો પણ સુરક્ષિત રહી શકે છે. નવા વર્ષમાં વાયરસ એકદમ ખતમ થઈ જાય તેવી આશા રાખીએ છીએ.

**- મહેન્દ્ર ગજ્જર**
**(શ્રધ્ધાદીપ પેથોલોજી લેબોરેટરી)**

●●●

મારા તરફથી સર્વેને નવા વર્ષની શુભેચ્છાઓ. નવું વર્ષ ગયા બે વર્ષ કરતા સારૂ રહે તેવી આશા રાખીએ છીએ. તમામનું સ્વાસ્થ્ય સારૂ રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરૂ છું.

**- બિપીનભાઈ શાહ**



**(આશ્કા હોસ્પિટલ)**

●●●

૨૦૨૧નું વર્ષ મારા માટે સૌથી ઐતિહાસિક અને યાદગાર કહેવાશે કારણ કે ૨૦૨૧માં પ્રથમ ત્રણ મહિનામાં હું મેયરના પદે હતી. જેમાં ઘણા બધા અમે કોર્પોરેશનના કાર્યમાં હતા. પણ એની સાથે ૨૦૨૧નું વર્ષ ખરાબ પણ ગયુ છે. રેમડેસિવર અને ઓક્સિજનની ઘણી બધી જરૂરિયાત પડી હતી તે વખતે ઉપલબ્ધ નહોતા.



તે ખૂબ જ દુઃખદ દિવસો હતા. એટલે કે ૨૦૨૧માં મે સારો સમય પણ જોયો અને સૌથી ખરાબ સમય પણ જોયો. ૨૦૨૧માં છેલ્લા મહિનામાં ઓમિક્રોન આવ્યો સમય લઈને ન આવે તેવી ભગવાનને પ્રાર્થના. ગાંધીનગરની દરેક જનતા સુખી અને સમૃદ્ધ બને. તમામને નવા વર્ષની મારા તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**- રીટાબેન પટેલ**
**(પૂર્વ મેયર, ગાંધીનગર)**

●●●

કોરોના મહામારીની બીજી ઘાતક લહેરનું આ વર્ષ ૨૦૨૧ શરૂઆતમાં પીડાદાયક હતું પરંતુ પછીથી ધંધા વ્યવસાય માટે એકંદરે સારું હતું. ધીમે ધીમે ઠપ્પ પડેલા



વેપાર ધંધામાં પીકઅપ આવવા લાગી છે અને હવે જો આપણે સમજી વિચારીને કાળજી રાખીશું તો વર્ષ ૨૦૨૨ પણ સારું જ રહેશે.

**- આશિષભાઈ પટેલ**
**હોટેલ માલિક, સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ તથા હોટેલ નટરાજ એન્ડ રિસોર્ટ**

●●●

કોરોના મહામારીના કારણે બાળકોના શિક્ષણ પર ગંભીર અસર થઈ છે. આ ઉપરાંત પરીવારના સભ્યો કોરોના વાયરસથી સંક્રમિત થતા સમય ખૂબ જ ચિંતાજનક પસાર થયો, પરિવારના સ્વાસ્થ્યની ચિંતા



સતત સતાવતી રહેતી હતી જેના કારણે ઘણાં સામાજિક પ્રસંગોમાં જવાનું ટાળ્યું હતું. અનેક નાગરિકોએ બીજી લહેરમાં જીવ ગુમાવ્યો તેનું દુઃખ થયું. ફરી આવી મહામારી ન આવે તેવી ભગવાનને પ્રાર્થના જેથી નાગરિકો પોતાના ધંધા રોજગાર સારી રીતે કરી શકે.

**- વિપુલકુમાર પટેલ,**
**પ્રાથમિક શિક્ષક**

●●●

કોરોના મહામારીએ નાના અને મધ્યમ વેપાર ધંધા પર ખૂબ માઠી અસર કરી છે. આ વર્ષે આવેલી બીજી લહેરમાં માત્ર તનથી જ નહીં પરંતુ મન અને ધનથી પણ અશકત થઈ ગયા હોવાનું અનુભવાયું જો કે આ સમયે પરિવાર સાથે રહ્યા જેમાં પિતાનો સત્સંગ મળવાથી આત્મ વિશ્વાસ વધ્યો અને મહામારી સામે લડવાની શકિત મળી. કોરોના



મહામારીની બીજી લહેરે જીવનમાં ઘણું પરિવર્તન આણ્યું છે.

**- રાજુભાઈ મકવાણા**
**લારી માલિક, મહાકાળી બટાકા પૌંઆ**

●●●

વર્ષ ૨૦૨૧ અમારા ધંધા-રોજગાર માટે ખૂબ જ કપરું અને અઘરું રહ્યું છે. આર્થિક પરિસ્થિતિ કઠિન અને કપરી બની છે. એક તબક્કે તો ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા હતાં. મારી રેસ્ટોરન્ટમાં એક મૂકબધિર યુગલ છેલ્લા ૧૫ વર્ષથી સંકળાયેલું છે. તેમના સહિત તમામ કારીગરોને આખું વર્ષ વેપાર ધંધો બંધ હોવા છતાં નિભાવ કરી આપ્યું અને આવી કપરી પરિસ્થિતિમાં પણ અમે સરકારને ફુડકોર્ટનું ભાડું ૧૨ ટકા વ્યાજ સાથે નિયમિત ચુકવ્યું છે. સાથે લાઈટ બીલ, પાણી બીલ અને અન્ય તમામ વેરા પણ ચુકવ્યાં છે જેના



કારણે પડેલા આર્થિક ફટકામાંથી બહાર આવતા ૧૦ વર્ષ લાગશે.

**- મનોજકુમાર મેન્શન,**
**એવન ફુડ કોર્નર, ઘ-૫ ફુડકોર્ટ**

●●●

કોરોના મહામારીમાં બ્યુટીપાર્લરના વ્યવસાયને પણ મોટો ફટકો પડયો છે, મહામારી દરમિયાન સરકારની લાઈડલાઈન અનુસાર અમારો વ્યવસાય લાંબા સમય સુધી સંપર્ણ બંધ રહ્યો અને તે પછી પણ દરેક સામાજિક અને શુભ પ્રસંગોમાં મર્યાદિત સંખ્યાના આદેશને કારણે કામ ખૂબ જ ઓછું રહ્યું હતું. અંગત રીતે કહું તો કોરોના મહામારીએ સૌને



કેટલીક સારી બાબતો શીખવાડી છે જેમાં આપણે મર્યાદિત ચીજવસ્તુઓમાં જીવન ચલાવતા શીખ્યા, સ્વચ્છતાનું મહત્વ સમજાયુ, દરેક જીવ પ્રત્યે સહાનુભૂતિ વધી. જો કે આ મહામારીમાં જે અંગત સ્વજનો ગુમાવ્યા છે તેનું દુઃખ થયું છે. આ મહામારીથી જલ્દી છુટકારો મળે અને ફરી આવી મહામારી ના આવે તેવી પ્રભુને પ્રાર્થના.

**- ભાવના રામી**
**બ્યુટીશ્યન, રામી બ્યુટી કેર**

●●●

કોરોનાની બીજી લહેર વખતે ગાંધીનગર તથા અમદાવાદની લગભગ બધી બ્લડબેંકોમાં રકતનો પુરવઠો જરૂરિયાત કરતા આશરે અડધો હતો. દર્દીઓના સગા-વ્હાલાં પણ રકતદાન કરતા ડરતા હતા ત્યારે બ્લડબેંકના સ્ટાફ સ્વૈચ્છિક રકતદાતાઓને ફોન કરીને રકતદાનની વ્યવસ્થા કરતા હતા. બીજી લહેરમાં આટલો મોટો મૃતકોનો આંક હોવા છતાં બ્લડબેંકના સ્ટાફે ખડે પગે સેવાઓ



આપી દર્દીઓ માટે રકતની વ્યવસ્થા કરી હતી. કેન્સરના દર્દીઓ માટે એસડીપી ડોનરની પણ વ્યવસ્થા કરી હતી. રકતદાન કેમ્પ પણ બંધ થઈ ગયા હોવાથી કયારેક બ્લડ બેંકના કર્મચારીઓને સમજાવી તેમનું રકતદાન મેળવવું પડયું હતું.

**- તુષારભાઈ લેઉઆ,**
**સેવાભાવી સ્વયંસેવક, ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપ**

●●●

વર્ષ ૨૦૨૧ની શરૂઆત સાથે જ એજ વર્ષ ૨૦૨૦ની જેમ લાચારીનો માહોલ હતો. હોસ્પિટલોની બહાર લાંબી લચક લાઈનો અને અંદર પ્રાણવાયુ માટે તડપતાં દર્દીઓ હતા. આ વર્ષ કદાચ પહેલું એવું હતુ જેમાં સોશિયલ મિડીયાનો યોગ્ય ઉપયોગ થયો હતો. વર્ષ ૨૦૨૧



એટલે આશા નિરાશાનું વર્ષ, સંગતતા-વિસંગતતાનું વર્ષ હવે આવનારા નવા વર્ષમાં આશા રાખીએ કે કોરોના મહામારીના કેસો આપણા ઓલિમ્પિક મેડલ્સની સંખ્યા જેટલાં થઈ જાય અને આપણાં ઓલિમ્પિક મેડલ્સની સંખ્યા કોરોના પોઝિટીવ કેસોની સંખ્યા જેટલી થઈ જાય.

**- ડો. શિવાની ત્રિવેદી,**
**ફાર્મા કો-વિજીલન્સ એસોસિએટ, જીએમઈઆરએમ મેડિકલ કોલેજ**

## ખૂણેખાંચરેથી

● કર્ણાટકના પશુપાલન મંત્રી અને ઉચ્ચ અધિકારીઓની ટીમ ગુજરાતના પ્રવાસે છે તેઓ આજે ગાંધીનગર આવ્યા છે.

● ગાંધીનગર મનપા દ્વારા આજે ઈન્દ્રોડા મહાકાળી માતાના મંદિરે સેવાસેતુનું આયોજન કરાયુ હતુ. જેનો ૧૨૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો.

● ધારાસભ્ય ઝંખના પટેલનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● વૈષ્ણવદેવી સર્કલથી અડાલજ ફ્લોઅર લીપ વચ્ચે આજે ૪ કલાકથી વધુ સમય સુધી ટ્રાફિક જામ રહ્યો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા ત્રણ નાયબ ચીટનીસ મહાવીરસિંહ ચાવડા, આર.કે. પટેલ અને વી.એસ. મેવાડાને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી મળતાં પંચાયત કર્મચારીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.

● રાજયના પંચાયત વિભાગે ૩૩ તા.વિ. અધિકારીઓની બદલી કરી છે તો ૪૦ નાયબ ચીટનીસને તા.વિ. અધિકારી તરીકે બઢતી આપી નિમણુંક આપતા હુકમો કર્યા છે.

● દહેગામ કોમર્સ કોલેજ ખાતે અનુ. જાતિના યુવક-યુવતીઓ માટે વ્યક્તિત્વ વિકાસ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

● ગાંધીનગર શહેરમાં ખાનગી હોસ્પિટલના પ્રતિનિધિઓ સાથે મનપાના આરોગ્યતંત્રએ કોરોના સંદર્ભે ખાસ બેઠક યોજી હતી.

● ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા હાઈસ્કૂલ ખાતે ટી.બી. અને કોરોના વિશેની માહિતી વિદ્યાર્થીઓને અપાઈ હતી. કેયુર જયસ્વાલે ટી.બી. નિર્મૂલન અંગેની સવિસ્તર વિગતો આપી હતી.

● ગાંધીનગરમાં શેલ્ટર હોમમાં શ્રમિક પરિવારોના વસવાટ અંગે આજે એક બેઠક યોજાઈ હતી.

